## જન્મદિને વધામણી




નીતાબેન જે જાટકિયા
ઉપપ્રમુખ, સંગિની



બાબુલાલ સી પટેલ
સિનિયર એન્જિનીયર
મો. ૯૯૦૯૩ ૯૨૭૮૪



યશ્વી સંદિપ ચૌહાણ
મો. ૯૧૭૩૨ ૪૦૫૪૭



કાવ્યા છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩૧૭૩૫૮



કોબા સર્કલ પાસે સ્થિત મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન સ્કૂલ ખાતે શુક્રવારે ગ્લોબલ વૉર્મિંગ તથા વિજ્ઞાન, પર્યાવરણ વિષયક જાગૃતિ અંગે કૃતિઓનું પ્રદર્શન તથા ફન ફેર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીઓના સ્ટોલ્સ પણ ઊભા કર્યા હતા. (તસવીર : દિપેશ પરમાર)

# સુંદર વિશ્વની કલ્પના સાથે વિદ્યાર્થીઓની શાંતિ કૂચ



ગિફ્ટ સિટી ખાતે સ્થિત જમનાબાઈ નરસી સ્કૂલના વિદ્યાર્થીઓએ સુંદર વિશ્વની કલ્પના સાથે શાંતિનો સંદેશ પ્રસારિત કરવા માટે એક શાંતિ કૂચનું આયોજન કર્યું હતું. સ્કૂલના ધોરણ-૧થી ૬માં અભ્યાસ કરતા ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમના શિક્ષકો સાથે આ રેલીમાં જોડાયા હતા. હાથમાં વિષયનાં બૅનર્સ, પ્લે કાર્ડ્સ સાથે વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ રેલીએ લોકોમાં ખાસ્સું આકર્ષણ જગાવ્યું હતું. સ્કૂલનાં પ્રિન્સિપાલ કવિતા બાજપાઈએ આ પ્રસંગે શાંતિ અને સુંદર વિશ્વની કલ્પના અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઈન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

# ગણિત વિષયની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત રાજ્યની વિદ્યાર્થિની ચેમ્પિયન



અમદાવાદ, તા.૧૧

ગણિત વિષયમાં ૨૦મી UCMACS આંતરરાષ્ટ્રીય સ્પર્ધા દિલ્હી ખાતે યોજાઈ હતી, જેમાં ૫૫ દેશોના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ૮ મિનીટના સમયમાં ગણિતના ૨૦૦ દાખલાઓ સોલ્વ કરવાના હોય છે. આવી અઘરી સ્પર્ધામાં અમદાવાદની વિદ્યાર્થીની બાજી મારી ગઈ છે અને તેનું નામ છે સાનિયા મહાવીર બાગરેચા. સાનિયા ધો. ૪ અંગ્રેજી માધ્યમમાં શાહીબાગની રચના શાળામાં અભ્યાસ કરે છે. ખૂબ જ તેજસ્વી સાનિયાએ આ ટ્રોફી જીતી એમની શાળાનું અને માતા-પિતાનું ગૌરવ વધાર્યું છે. સાનિયાએ એકાગ્રતા લોજિક અને કોન્ફિડેન્સથી ૨૦૦ દાખલા સોલ્વ કર્યા હતા. સાનિયાના પિતા મહાવીર અને માતાના જણાવ્યા મુજબ તેની આ સિદ્ધીનો શ્રેય એમના વર્ગ શિક્ષક જસ્મીન શાહ અને શાળાને જાય છે. સાનિયાના ગણીત વિષય સાથેના ડેડિકેશનથી જ આ સિદ્ધી મળી છે. જસ્મીન શાહે જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાથી વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યેનો ડર દૂર થાય છે અને તે ખૂબ જ આત્મવિશ્વાસથી જૂદી જૂદી સ્પર્ધાઓમાં સફળતા મેળવે છે. અમારી શાળામાંથી અન્ય એક વિદ્યાર્થી પણ ગણિતમાં સ્પર્ધા જીતીને આવ્યો છે.

# આર જી પટેલ સ્કૂલની છાત્રાઓ ચિત્ર સ્પર્ધામાં ઝળકી





ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩માં ધોરણ-૯ અને ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતી ૨૧૦ વિદ્યાર્થીનીઓએ વર્ષની શરૂઆતમાં મધર ટેરેસા ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સોસાયટી, ઔરંગાબાદ દ્વારા યોજેલ રંગપૂરણી ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ વિજેતા શાળા કક્ષાએ છની પસંદગી થઈ છે. આ પસંદગી પામેલી વિદ્યાર્થીનીઓએ પ્રમાણપત્ર તથા ચંદ્રક આપવામાં આવ્યા હતા. અન્ય વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. સ્કૂલને બેસ્ટ સ્કૂલ એવોર્ડ, ઉત્સાહી આચાર્ય એવોર્ડ અને ઉત્સાહી ચિત્ર શિક્ષક એવોર્ડ પણ પ્રાપ્ત થયા હતા.

વિજેતા વિદ્યાર્થીનીઓમાં મુદ્રા કેતનભાઈ સોલંકી, ભાવિકા કાલુભાઈ રાઠવા, હિરલ જયંતિભાઈ પટણી, શ્રુષ્ટિ મહેસભાઈ પટેલ, ઋત્વિકા રમેશભાઈ જોષી અને નિધિ સંજયકુમાર પટેલનો સમાવેશ થાય છે, જેમને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સેનેટ-સિન્ડિકેટને બચાવવા વિદ્યાર્થી નેતાઓ મેદાને

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતની તમામ યુનિવર્સિટીમાંથી સેનેટ અને સિન્ડિકેટનું અસ્તિત્વ ખતમ કરવાની દેખાઈ રહેલી રાજ્ય સરકારની તૈયારીની હિલચાલ સામે માત્ર કોંગ્રેસ જ નહીં ભાજપના નેતાઓ પણ મેદાને આવી ગયા છે. કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા જોરદાર વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી તે સાથે જ યુવા ભાજપે પણ શિક્ષણ મંત્રીને આવેદનપત્ર આપીને આ બાબતે કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટની મુદત પૂરી થઈ ચૂકી છે. નવી સેનેટ અને સિન્ડિકેટની રચના માટે ચૂંટણી થાય તેવી કોઈ શકયતા નથી. માત્ર ગુજરાત યુનિવર્સિટી જ નહીં પરંતુ રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાંથી પણ તબક્કાવાર સેનેટ અને સિન્ડિકેટ નામશેષ થાય તેવી ગતિવિધિ શરૂ કરી દેવામાં આવી છે. સૂત્રો કહે છે સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા સેનેટ અને સિન્ડિકેટને દૂર કરવા માટે ગમે તે કારણ આપવામાં આવે પરંતુ મુખ્ય કારણ કોંગ્રેસ અને એનએસયુઆઈનું વર્ચસ્વ ખતમ કરી દેવાનો કારસો છે. લિન્ગદોહ કમિટી દ્વારા તમામ યુનિવર્સિટી અને કોલેજોમાં પણ વિદ્યાથી પ્રતિનિધિત્વ ટકી રહે તે માટે ફરજિયાત ચૂંટણી કરવાની ભલામણ કરવામાં આવી છે.

# ‘આસ્વાદ’ અને વિવેકાનન્દ કાવ્યમ’ : બે સરસ પુસ્તકો : સર્જકો કુંદનબહેન દવે તથા પ્રા. ડૉ. અમ્બાલાલ પ્રજાપતિને હાર્દિક અભિનંદન

તાજેતરમાં મળેલાં બે પુસ્તકોના વાચને અમને ન કેવળ સમયના સદુપયોગનો લાભ કરાવ્યો છે, પરંતુ ચિત્તને પ્રસન્નતાથી ભરી પણ દીધું છે. ને એટલે જ આ ગમતાનો ગુલાલ કરવાની લાલચ રોકી શકાતી નથી.

આ બંને પુસ્તકોમાં સામ્યતા એ છે કે બંને પદ્યમાં છે, બંનેના સર્જકો શિક્ષણ કાર્ય સાથે જોડાયેલી વ્યક્તિઓ છે ને બંને સર્જકો વયસ્ક-પંચોતેર પ્લસ છે. એક ગુજરાતીમાં છેતો બીજું સંસ્કૃતમાં છે !

આ પુસ્તકો એટલે એક આદરણીય કુંદનબહેન દવે રચિત ‘આસ્વાદ’ અને બીજું તે મુ.પ્રા. ડૉ. અમ્બાલાલ પ્રજાપતિ રચિત ‘વિવેકાનન્દ - સાર્ધશતાબ્દિ કાવ્યમ’.

‘આસ્વાદ’માં માનનીય કુંદનબહેન શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ આપ્યો છે. અલબત્ત, એમનો સીધો આધાર લખનૌના શાયર - ઊંચા ગજાના કવિ જનાબ અનવર જલાલપુરી કૃત ‘ઉર્દૂ શાયરી મેં ગીતા’ છે. જનાબ અનવર જલાલપુરીએ ‘ઉર્દૂ શાયરી મેં ગીતા’માં ગીતાજીના ૭૦૦ શ્લોકોનો ૧૭૬૧ શેરમાં ભાવાનુવાદ આપ્યો છે. એમણે શ્રીમદ્ ભગવદ ગીતાના બોધ, ઊંડા ચિંતનને શેરમાં મૂકીને લોકો સુધી ગહન વાતોને સરળ રીતે પહોચાડવાનું ઉમદા કાર્ય કર્યું છે. તો જનાબ જલાલપુરીનું પ્રસ્તુત પુસ્તક વાંચીને અત્યંત પ્રભાવિત આપણાં કુંદનબહેનને તેનો ગુજરાતી પદ્યાનુવાદ કરવાની પ્રેરણા થઈ અને આ ૧૭૬૧ શેરનો ગુજરાતી ભાષામાં, સરળ પદ્યમાં એવી સહજ અને સરસ રીતે આપણી સમક્ષ લઈ આવ્યાં છે કે ગીતાજીની મર્મભરી, બોધદાયી વાતો સહજતાથી સમજાઈ જાય છે - દિલને સ્પર્શી જાય છે.

‘આસ્વાદ’માં ઉર્દૂ શાયરીઓનો ભાવાનુવાદ મુક્તક સ્વરૂપે અપાયો છે... અનુષ્ટુપ છંદમાં નહીં પણ એના જ કદમાં, અંત્યાનુપ્રાસ સાથેના મુક્તકોની રચનામાં કુંદનબહેનની કુશળતા અને જહેમત જણાઈ આવે છે. ઉદાહરણ રૂપે જોઈએ તો -

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી
નૈનં દહતિ પાવકઃ
ન ચૈનં કલેદયન્ત્યાયો
ન શોષયતિ મારુતઃ।
(અધ્યાય-૨, શ્લોક-૨૩)

આ શ્લોકનો ગુજરાતી પદ્યમાં એમણે કરેલો ભાવાનુવાદ છે :

‘ના તો હથિયાર કરી શકે ઘાયલ તેને, ના તો આગ પણ બાળી શકે એને, પાણીમાં તાકાત નથી એને પલાળવાની, અજબ લાગે છે વાત ને તેની કલાની. હવા પણ તેને કદી સૂકવી નથી શકતી, એ નથી મરતો અનાદિથી અનંત સુધી.’

વળી આ શ્લોક -

‘પાંસાસિ જિર્ણાની યથા વિહાય
નવાનિ ગૃહણાતિ નરોડપરાણિ।
તથા શરીરાણ વિહાય જીર્ણા-
ન્યન્માનિ સંમાતિ નવાતિ દેહી॥’
(અધ્યાય-૨, શ્લોક-૨૨)


આ શ્લોકનો ભાવાનુવાદ -

‘શરીર તો આત્માનો માત્ર પોષાક છે, બાકી તો શરીર આ ફક્ત રાખ છે. જૂનો પોષાક તો બદલવાનો છે, નવો પહેરવેશ પાછો પહેરવાનો છે. શરીર ત્યાગીને કોણ જાણે જાય છે ક્યાં, શોધી કાઢે છે નવું ઘર ત્યાં.’

આમ, આસ્વાદમાં ગહન ગીતાબોધ અતિ સરળતાથી પ્રસ્તુત કરાયો છે.

એ જ રીતે -

યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતી ભારત।




અભ્યુત્થાનમ્ અધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહમ્॥
પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે॥
(અધ્યાય-૪, શ્લોક-૭,૮)

કહેવાયેલી વાતનો આસ્વાદ ગુજરાતી પદ્ય સ્વરૂપે આ રીતે કરાવ્યો છે :

‘કર્તવ્યમાં મનુષ્ય હોય બેપરવાહ જ્યારે વાતાવરણ આખું હોય પાપી જ્યારે, દુર્જનની જ્યારે થાય વાહવાહ, ના વાત સાચી જ કહેવાવાળો રહે, કે ઘૂંટાય શ્વાસ જ્યારે ધર્મ કેરો, પછી લૂંટાવા લાગે ખજાનો સજ્જન કેરો તો પછી જ જગમાં થવું પ્રગટ મારે, દુનિયા આખીમાં રહેવું હાજર મારે’

શ્રીમદ્ ભગવદ ગીતાના અઢારેય અધ્યાયના દરેકે શ્લોકોનો જનાબ અનવર જલાલપુરીએ જે રીતે ઉર્દૂ શાયરીમાં મર્મ-સાર રજૂ કર્યો છે તેમાં એમના સમર્થ કવિકર્મની પ્રતીતિ મળે છે. બસ એ રીતે આસ્વાદમાં ગુજરાતી ભાષામાં બબ્બે પંક્તિનાં મુક્તકોમાં, એ બધા જ શ્લોકોને વિનિષ્ઠ પણ સરળ-પ્રવાહી શૈલીમાં, સળંગ લયબધ્ધતા જાળવીને પદ્યમાં અવતરિત કરવાના સુંદર પ્રયાસમાં મુ. કુંદનબહેનની બૌદ્ધિક સજ્જતા-જહેમત, નિષ્ઠા અને કવિકર્મનો સુપેરે પરિચય આપણને મળે છે...

‘કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્...’

અર્થાત્ ‘કર્મ જેમાં ફળની ઈચ્છા ન હો, કર્મ જેમાં કોઈ પ્રદર્શન ન હો, કર્મ છોડવાની તું હઠ ન કર, એ રસ્તેથી તારો સમય પસાર ન કર.’


એવું કહેનાર કુંદનબહેને માત્ર એમની કૃષ્ણને ગીતાપ્રીતિથી પ્રેરાઈને, ગીતાજ્ઞાનને સહજ સ્વરૂપે વહેંચવાના, ફળરહિત કરેલા કર્મ માટે અભિનંદન... સંસ્કૃતિના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. રશ્મિકાન્ત મહેતા સાહેબે ‘આસ્વાદ’ના આવકારમાં જણાવ્યું છે તેમ ‘પદ્યાનુવાદ એટલો સરળ છે કે પુરોગામીની રચનાઓથી સ્વતંત્રપણે આનો આસ્વાદ લઈ શકાય છે...’

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનાં હિન્દી વિષયનાં વિદ્યાર્થીઓનાં પ્રેમાળ, લોકપ્રિય શિક્ષિકા કુંદનબહેનને નિવૃત્તિમાં પણ સતત પ્રવૃત્તિશીલ રહી આપણે આવું સ-રસ પુસ્તક આપવા બદલ પ્રણામ.

બીજું પુસ્તક છે સંસ્કૃત સાહિત્યના વિદ્વાન, પાટણ કોલેજના સંસ્કૃત વિભાગના નિવૃત્ત અધ્યાપક તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી ઉપકુલપતિ તરીકે સેવાઓ આપી ચૂકેલા માનનીય ડૉ. અમ્બાલાલ પ્રજાપતિ રચિત ‘વિવેકાનન્દ સાર્ધશતાબ્દિ કાવ્યમ્’.

ડૉ. પ્રજાપતિ સાહેબનો આ ચોથો દીર્ઘ કાવ્યગ્રંથ છે. પ્રસ્તુત પુસ્તક એ દષ્ટિએ બહુમૂલ્ય બની રહે છે કે ભારતીય-હિન્દુ સંસ્કૃતિ-ધર્મ ગૌરવની ધજા વિશ્વમાં ફરકાવનારા તથા દુર્બળ-દરિદ્ર-સ્ત્રી-યુવાનોના સમૃધ્ધ જીવન માટે ઝઝૂમનાર સ્વામી વિવેકાનંદજીના સમગ્ર જીવન-કવનને એમાં સંસ્કૃત શ્લોકોમાં વર્ણવાયું છે. સંસ્કૃત શ્લોકોના માધ્યમથી કવિશ્રીએ વિવેકાનંદજીના જન્મથી લઈને કન્યાકુમારીદર્શન સુધીનું વર્ણન સમાવી લીધું છે. તેમની વિદ્યાર્થીવસ્થા, સ્વામી રામકૃષ્ણ પરમહંસ સાથેનું મિલન, ભારત ભ્રમણ દરમિયાન વિવિધ પ્રદેશોની સ્થિતિનું ચિંતન, કન્યાકુમારી ખાતેના શિલાસ્મારક - એ બધાનું મર્મસ્પર્શીય વર્ણન કાવ્યપુસ્તકમાં પાઠકોને ઉપલબ્ધ થયું છે.

‘વિવેકાનન્દ-સાર્ધશતાબ્દિ કાવ્યમ્’ની મજા પડે એવી વિશેષતા એ છે કે એમાં કવિ ડૉ. અમ્બાલાલભાઈએ અતિ સરળ સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદમાં ૧૭૬ શ્લોકો-સુભાષિતોમાં વિશ્વ સંન્યાસી યુગપુરુષ સ્વામી વિવેકાનંદની વંદના કરી છે...




શ્રી પ્રજાપતિ સાહેબની સરળ છતાં સચોટ સંસ્કૃત શ્લોક રચનાથી કાવ્યકુશળતાનાં દષ્યાંતો જોઈએ...

‘ગુરોઃ વિવેનન્દસ્ય હ્યપારં ગુણગૌરવમ્।
વર્ણમિતુ ન શકયોમિ તદ્દનાશતકરવિ॥’

અર્થાત્ વિશ્વગુરુ વિવેકાનંદના ગુણ અપાર છે. એક હજાર શ્લોકોમાં પણ એમનું વર્ણન કરવાનું મારા માટે શક્ય નથી.

એ જ રીતે -

‘ઉત્તિષ્ઠતેતિ મન્ત્રશ્ચ ગોષિતો યેન ભારતે।
દીપકો દેશભક્તાનાં રાષ્ટ્રચૈતન્યદાયક॥’

મતલબ ‘ઉત્તિષ્ઠ - ઊઠો એ મંત્રથી એમણે ઘોષણા કરી હતી. જે મંત્ર દેશભક્તો માટે દીપક સમાન હતો અને દેશમાં રાષ્ટ્રચેતના જગાવનારો હતો.’

વળી,

‘સિંહનાદઃ કૃતો યેન શિકાગો ધર્મસંસદિ । વિશ્વધર્મવિજેતા ચ સ્મરણીયઃ સદા હૃદિ॥’

એટલે કે શિકાગોની ધર્મસંસદમાં એમણે સિંહગર્જના કરી હતી અને આવા વિશ્વધર્મના વિજેતાનું સ્મરણ હંમેશા હૃદયમાં રાખવું જોઈએ.

આગળ કવિ લખે છે :

‘વેદાન્તસારસ્વં શ્રુત્વા મનોહરં તદા । તત્વપ્રચારવિચારે ચ કૃતવાન્સંકલ્પં સુધી:॥

અર્થાત ‘મહામતિ નરેન્દ્રને વેદાંતનો સુધી સાર-તત્ત્વ સમજાયાં અને એના પ્રચાર માટે એમણે સંકલ્પ કર્યો.’

વિવેકાનંદજી દેશભ્રમણ કરતાં કરતાં ગુજરાત આવી પહોંચ્યા તેનું વર્ણન કરતો શ્લોક જોઈએ :

‘સ્વામી તતસ્સમાયાતો ગુજરાતં ગુણાન્વિનામ।
શ્રીકૃષ્ણકર્મભૂમિં ચ ભ્રમણં કુર્વન્ ભારતે॥

‘સ્વામિજી ભારતમાં ભ્રમણ કરતાં કરતાં ગુણસભર શ્રીકૃષ્ણની કર્મભૂમિ ગુજરાતમાં આવી પહોંચ્યા.’

આવા સુંદર-સરળ શ્લોકો સભર પુસ્તકમાં સર્જકે શ્લોકોની સાથે વચ્ચે વચ્ચે યથાવસરે એવા જ સુંદર સુભાષિતો પણ રચ્યાં છે. ઉદાહરણ તરીકે

‘ન ચ દર્શન વિના મુક્તિ ન દર્શનં જ્ઞાનં વિના।
માયામયે ચ સંસારે ન તુ જ્ઞાનં ગુરું વિના॥’

(પરમતત્ત્વ પરમાત્માનાં દર્શન વિના મુક્તિ નથી મળતી, જ્ઞાન વિના દર્શન નથી થતાં અને આ માયામય સંસારમાં ગુરુ વિના જ્ઞાન મળતું નથી.)

આમ કુલ ૧૭૬ શ્લોકોમાં ૩૩ જેટલાં બોધપ્રદ-માર્ગદર્શક સુભાષિતો આપણને મળે છે. દરેક શ્લોક-સુભાષિત સાથે હિંદીમાં તેની સમજૂતિ તેમજ તેમાં પ્રયોજાયેલ છંદ-અલંકાર મઢ્યો ભાષાવૈભવ તેની વિષિષ્ટતા છે.

સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. અમ્બાલાલ પ્રજાપતિને પ્રસ્તુત પુસ્તક માટે હાર્દિક અભિનંદન તથા નિવૃત્તિકાળમાં હજીય સરસ સાહિત્ય આપતા રહેશે એવી શુભેચ્છા પાઠવીએ.